# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-04-2026 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ચુંટણી કાર્યક્રમ જાહેર:

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આજે ગાંધીનગર ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં રાજ્યની 15 મહા નગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયતનો ચૂંટણી કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. રાજ્ય ચૂંટણી કમિશનર એસ. મુરલીક્રિષ્નાએ જણાવ્યું કે, ચૂંટણીની નોટિસ 6 એપ્રિલે પ્રસિદ્ધ થશે અને ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ 11 એપ્રિલ રહેશે. 13 એપ્રિલે ફોર્મની ચકાસણી અને 15 એપ્રિલ સુધી ફોર્મ પરત ખેંચી શકાશે. તમામ બેઠકો માટે ૨૬ એપ્રિલ રવિવાર ના રોજ મતદાન યોજાશે, જ્યારે 28 એપ્રિલના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે.

કચ્છમાં ગાંધીધામ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાશે. આ ઉપરાંત ભુજ, અંજાર, માંડવી, મુન્દ્રા-બારોઈ અને નખત્રાણા સહિતની 5 નગરપાલિકાઓમાં પણ મતદાન થશે. ગ્રામ્ય સ્તરે કચ્છ જિલ્લા પંચાયત અને જિલ્લાની તમામ 9 તાલુકા પંચાયતો માટે ચૂંટણી યોજાશે. 30 એપ્રિલ સુધીમાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવશે. આ જાહેરાત સાથે જ સમગ્ર રાજ્યમાં આચારસંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે.

---------------------------------------------------------------------------------------

## ડીપીએની સિધ્ધિ:

મધ્ય પૂર્વના યુદ્ધ અને વૈશ્વિક પડકારો વચ્ચે પણ ગુજરાતના દીનદયાલ પોર્ટ ઓથોરીટીએ એ પોતાની વિકાસયાત્રા જાળવી રાખી નવો ઇતિહાસ રચ્યો છે. ગઈકાલે

મધ્યરાત્રિએ પોર્ટે દેશના તમામ મુખ્ય મહા-બંદરગાહોમાં સર્વાધિક કાર્ગો હેન્ડલિંગ નોંધાવીને ફરી એકવાર પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે.

દીનદયાલ પોર્ટ ઓથોરિટીના ચેરમેન સુશીલ કુમાર સિંઘે આ સિદ્ધિની માહિતી આપતા જણાવ્યું કે, પોર્ટે 160 મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલિંગનો આંકડો પાર કરી લીધો છે. કાર્યક્ષમ વ્યવસ્થાપન અને અત્યાધુનિક સુવિધાઓને કારણે દીનદયાલ પોર્ટ હવે દેશના તમામ સરકારી મહા-બંદરગાહોમાં નિર્વિવાદપણે નંબર વન પર પહોંચી ગયું છે.

---

## હાટકેશ્વર જયંતી:

નાગરોના ઇષ્ટદેવ હાટકેશ્વર મહાદેવના પાટોત્સવની આજે શ્રદ્ધા અને ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. ભુજના હાટકેશ્વર મંદિરે સવારે લઘુ રૂદ્ર હવન અને સમૂહ જનોઈના કાર્યક્રમો યોજાયા હતા. એ પછી શોભાયાત્રા નીકળી હતી. માર્ગમાં  મુસ્લિમ સમાજ તેમજ અન્ય સમાજ દ્વારા સ્વાગત કરાયું હતું. ગાંધીધામમાં લઘુરુદ્ર પછી શોભાયાત્રા નીકળી હતી. અંજાર, માંડવી, ભચાઉ  વિગેરે  શહેરોમાં નાગર સમાજ દ્વારા હાટકેશ પાટોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે.

---

## કચ્છમાં વિવિધ જાહેરનામા:

કચ્છ જિલ્લા મેજિસ્ટ્રેટ આનંદ પટેલ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જિલ્લાની જાહેર સલામતી અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે મહત્વના પ્રતિબંધાત્મક આદેશો જારી કરવામાં આવ્યા છે.

નવા જાહેરનામા અનુસાર, મોબાઈલ કંપનીઓ અને સીમકાર્ડ વિક્રેતાઓએ ગ્રાહકોના દસ્તાવેજોની ચકાસણી અને રજિસ્ટર નિભાવવું ફરજિયાત રહેશે. જૂના મોબાઈલ અને વાહનોની લે-વેચ કરતા વેપારીઓએ પણ ખરીદનારની સંપૂર્ણ વિગતો રાખવી પડશે. રહેણાંક મકાન ભાડે આપતા પહેલા મકાન માલિકોએ અને ટ્રાન્સપોર્ટ ઓપરેટરોએ ડ્રાઈવર-ક્લીનરની વિગતો ફરજિયાતપણે નજીકના પોલીસ સ્ટેશનમાં નોંધાવવાની રહેશે. હોટલ અને ગેસ્ટ હાઉસમાં

રોકાતા મુસાફરોની એન્ટ્રી 'PATHIK' સોફ્ટવેરમાં ઓનલાઈન કરવી અને પરિસરમાં સીસીટીવી કેમેરા રાખવા આદેશ અપાયો છે.

શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓની સુરક્ષા કાજે ખાનગી ટ્યુશન ક્લાસિસનો સમય સવારે ૮ થી સાંજના ૭ વાગ્યા સુધી જ નિયત કરવામાં આવ્યો છે. ઔદ્યોગિક એકમોએ લેબર કોન્ટ્રાક્ટરો અને મજૂરોની નોંધણી મજૂર કમિશનર કચેરી અને પોલીસમાં કરાવવી પડશે. આ ઉપરાંત, ખુલ્લા બોરવેલમાં બાળકોના પડવાના બનાવો રોકવા માટે સુરક્ષાના કડક નિયમો અને જાહેર સ્થળો પર ઘાસચારો વેચવા પર પ્રતિબંધ મુકતા આદેશો પણ જારી કરાયા છે. બેંકો, જ્વેલર્સ અને મોલ જેવા સંવેદનશીલ સ્થળોએ નાઈટ વિઝન કેમેરા અને તાલીમબદ્ધ સિક્યોરીટી ગાર્ડ રાખવા વહીવટી તંત્ર દ્વારા તાકીદ કરવામાં આવી છે. આ તમામ જાહેરનામાં સમગ્ર કચ્છ જિલ્લામાં આગામી 29 મે 2026 સુધી અમલમાં રહેશે, જેનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ-223 મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે.

---

## કચ્છમાં વરસાદ:

કચ્છમાં માર્ચ મહિનાની કાળઝાળ ગરમી બાદ હવે એપ્રિલની શરૂઆતમાં પણ બેવડી ઋતુ અને કમોસમી વરસાદનો ખતરો મંડરાઈ રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે આજે કચ્છ, બનાસકાંઠા અને પાટણ સહિત ઉત્તર ગુજરાતના વાતાવરણમાં પલટો આવશે.આગામી 24 કલાક દરમિયાન 30 થી 40 કિમીની ઝડપે ફૂંકાતા પવન અને વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદની સંભાવના છે. જોકે, આવતીકાલે થોડી રાહત રહેશે, પરંતુ 3 અને 4 એપ્રિલના રોજ ફરી વરસાદની આગાહી કરવામાં આવી છે. આ ફેરફારને કારણે તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો ઘટાડો નોંધાશે.

---